એકમ 10

# ગુજરાતમાં શિક્ષણ

## રૂપરેખા

10.0 ઉદ્દેશ

10.1 પ્રસ્તાવના

10.2 ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ

10.2.1 ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ

10.2.1.1 સામાન્ય સાક્ષરતા દર

10.2.1.2 ગુજરાત અને ભારતમાં જાતિ પ્રમાણે સાક્ષરતા દર

10.2.2 કુલ પ્રવેશ નોંધણીનું પ્રમાણ (Gross Enrollment Ratio)

10.2.3 જાતિ સમાનતા આંક

10.2.4 શૈક્ષણિક સંસ્થાઓનું પ્રમાણ

10.2.5 શૈક્ષણિક સંસ્થાઓમાં પાયાની સુવિધાઓનું પ્રમાણ

10.2.6 શિક્ષણ વિકાસ આંક (EDI)

10.3 ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે કેટલીક સમસ્યાઓ (પ્રશ્નો)

10.4 શિક્ષણનું ખાનગીકરણ

10.4.1 શિક્ષણમાં ખાનગીકરણના હેતુઓ

10.4.2 શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણના ઉદ્દભવનાં કારણો

10.4.3 શૈક્ષણિક ક્ષેત્રે ખાનગીકરણનું પ્રમાણ

10.5 ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે જાહેર નીતિ

10.6 સારાંશ

## 10.0 ઉદ્દેશ :

આ એકમ દ્વારા વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી અવગત થશે.

(1) ગુજરાતમાં જુદા-જુદા સ્તરે શિક્ષણની સ્થિતિ સમજશે.

(2) ગુજરાતમાં શિક્ષણની સમસ્યાની સમજ અને તેના યોગ્ય પરિણામલક્ષી નિરાકરણને સમજવાનો પ્રયત્ન કરશે.

(3) ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે પ્રવર્તતી ખાનગીકરણની નીતિ વિશે માહિતગાર થશે.

(4) ગુજરાત રાજ્યની શિક્ષણ ક્ષેત્રે પ્રવર્તની જાહેર નીતિઓ વિશે અવગત થશે.

## 10.1 પ્રસ્તાવના :

શિક્ષણ એ માનવીની પાયાની જરૂરિયાત છે. વ્યક્તિ, સમાજ, સંસ્કૃતિ અને રાષ્ટ્રના વિકાસના કેટલાક આધાર સ્તંભોમાંનો એક આધાર સ્તંભ છે. અભ્યાસ દ્વારા માહિતી દ્વારા જ્ઞાન અને કૌશલ્ય મેળવવાની પ્રક્રિયાને શિક્ષણ કહે છે. શિક્ષણ મનુષ્યના જીવનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તે વ્યક્તિમાં આત્મવિશ્વાસ ઊભો કરે છે, તેમજ માણસના વ્યક્તિત્વમાં નિખાર લાવે છે. શિક્ષણ વ્યક્તિના ઉજળા ભવિષ્ય માટેનું સક્ષમ સાધન છે. માણસને જીવનમાં સફળતા અપાવવા માટે શિક્ષણ અગત્યની ભૂમિકા ભજવે છે. ઉચ્ચ શિક્ષણ વ્યક્તિને કૌટુંબિક, સામાજિક સન્માન અપાવે છે. તો વ્યક્તિને કૌટુંબિક, સામાજિક, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સમસ્યાના નિરાકરણ માટેની ક્ષમતા બક્ષે છે. સાથે સાથે વ્યક્તિનું જીવન વધારે હકારાત્મક બને છે. તેને કારણે લોકોની જીવનની ગુણવત્તામાં વધારો થાય છે તથા જીવનલક્ષી અભિગમમાં પણ સુધારો થાય છે. વ્યક્તિના વિકાસ માટે શિક્ષણ પાછળ કરેલા ખર્ચને માનવ મૂડી રોકાણ તરીકે ઓળખવામાં આવે છે. સર્વ પ્રથમ ટી. ડબ્લ્યૂ શૂલ્ઝ નામના અર્થશાસ્ત્રીએ આ શબ્દનો ઉપયોગ કર્યો હતો. ‘‘માનવ મૂડીના ઘડતરમાં વૃદ્ધિ કરનાર મુખ્ય પરિબળ એ શિક્ષણ છે’’ જે વિકાસની પ્રક્રિયા માટે ખૂબ જ અગત્યનું મૂડીરોકાણ ગણી શકાય.

શિક્ષણ રાષ્ટ્રના વિકાસ માટેનું પણ એક અગત્યનું પરિબળ છે. કારણ કે જો દેશના નાગરિકો શિક્ષણ મેળવશે તો તેની કુશળતામાં વધારો થશે. કુશળતામાં થયેલો વધારો દેશની ઉત્પાદનની પ્રક્રિયામાં વધુ સહયોગ આપી શકશે. આથી દેશની આર્થિક વૃદ્ધિ વધારે ઊંચી અને ઝડપી બનશે. શિક્ષણના કારણે લોકોમાં યોગ્યતા – અયોગ્યતાનો ખ્યાલ વિકસે છે. જેના કારણે સામાજિક રૂઢિઓ અને પરંપરામાં પરિવર્તન આવે છે. આ પરિવર્તન દેશના આર્થિક વૃદ્ધિ અને વિકાસમાં હકારાત્મક ફેરફારોની બહુવિધ તકો પૂરી પાડે છે.

શિક્ષણ વિશેના Henry Stell Commager નામના વિદ્વાને કહ્યું છે કે,

“Change does not necessarily assure progress, but progress implacibly requires change. Education is essential to change, for education creates both new wants and the ability to satisfy then.”

શિક્ષણ એ વિશ્વને બદલી નાખવા માટેનું એક મહત્ત્વનું હથિયાર છે.

નેલ્સન મંડેલાના શબ્દોમાં કહીએ તો, “Education is the most powerful weapon which you can use to change the world.”

## 10.2 ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ :

શિક્ષણ એ માનવ જીવનમાં સંપૂર્ણ પરિવર્તન લાવવા માટેની ભૂમિકા ભજવી શકે છે. કોઈપણ પ્રદેશ કે રાષ્ટ્રમાં શિક્ષણના સ્તરને માપવા માટે વિવિધ માપદંડનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે સાક્ષરતાનું પ્રમાણ, શાળા–કોલેજમાં ભરતીનો ગુણોત્તર વગેરે. હવે આપણે આ વિવિધ નિર્દેશકોમાં ગુજરાતની સ્થિતિ કેવી છે, તેનો અભ્યાસ કરીશું.

### 10.2.1 ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ :

સાક્ષરતા અંગેના આંકડા શૈક્ષણિક સ્તરને માપવા માટેનો અગત્યનો માપદંડ છે. કોઈપણ દેશની શૈક્ષણિક સ્તરની સિદ્ધિ માપવી હોય તો સાક્ષરતાનું સ્તર એ પ્રાથમિક

કક્ષાનો સૂચક આંક છે. આ મુદ્દામાં આગળ વધતા પહેલાં સાક્ષરતા અને સાક્ષરતાના દર વિશેના ખ્યાલો સમજી લેવા જરૂરી છે.

સાક્ષરતા એટલે લખવા–વાંચવાની ક્ષમતા. સાક્ષરતાનું પ્રમાણ જાણવા માટે અન્ય દેશોમાં જે પદ્ધતિ અપનાવવામાં આવી છે તેનાથી થોડી જુદી પદ્ધતિ ભારતમાં અપનાવવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે 15 વર્ષ કે તેથી વધુ વયની વ્યક્તિઓમાં સાક્ષર વ્યક્તિઓના પ્રમાણને ગણતરીમાં લેવામાં આવે છે, જ્યારે ભારતમાં 7 વર્ષથી વધુ વયની વ્યક્તિઓમાં સાક્ષર વ્યક્તિઓના પ્રમાણને ગણતરીમાં લેવામાં આવે છે. આમ 7 વર્ષથી મોટી ઉંમરની વ્યક્તિ ઓછામાં ઓછી કોઈ એક ભાષા લખી–વાંચી શકે તે સાક્ષર ગણાય છે.

● સાક્ષરતા દર :

સાક્ષરતા દર એ કોઈ એક વિસ્તાર, પ્રદેશ કે રાષ્ટ્રમાં સાક્ષરતાનું પ્રમાણ જાણવા માટેનું એક માપદંડ છે. તે નીચેના સૂત્રની મદદથી જાણી શકાય છે.

$(L / P) \times 100$

જ્યાં L = સાક્ષરતાની વસ્તી

P = કુલ વસ્તી

આમ, દેશની કુલ વસ્તીમાં કેટલી વસ્તી સાક્ષર છે, તેના ટકાવારી પ્રમાણને સાક્ષરતા દર તરીકે ઓળખવામાં આવે છે. હવે આપણે સાક્ષરતાના સંદર્ભમાં કેટલીક માહિતીનો ઉપયોગ કરી ગુજરાતમાં સાક્ષરતાની સ્થિતિ શું છે તેનો અભ્યાસ કરીશું.

10.2.1.1 સામાન્ય સાક્ષરતા દર :

ગુજરાત રાજ્યનો સામાન્ય સાક્ષરતા દર કેટલો છે તે નીચે આપેલ કોઠાની માહિતીથી ખ્યાલ આવશે.

ટેબલ નં. 1 : સામાન્ય સાક્ષરતા દર

| ક્રમ | વર્ષ | ગુજરાત | ભારત |
|---|---|---|---|
| 1 | 1951 | 21.82 | 18.33 |
| 2 | 1961 | 31.47 | 28.30 |
| 3 | 1971 | 36.95 | 34.45 |
| 4 | 1981 | 44.92 | 43.57 |
| 5 | 1991 | 61.29 | 52.21 |
| 6 | 2001 | 69.14 | 64.84 |
| 7 | 2011 | 79.31 | 74.04 |

સોર્સ : Office of the Registrar General, India

ઉપરોક્ત માહિતી પરથી ખ્યાલ આવશે કે ગુજરાતનો સાક્ષરતા દર દરેક દસકામાં ભારતના સરેરાશ સાક્ષરતાના દર કરતા ઊંચો જોવા મળે છે. ઉપરોક્ત આંકડાના આધારે કહી શકીએ કે 60 વર્ષના આયોજનકાળ દરમિયાન ગુજરાતમાં 57.49 ટકાવારી બિંદુ જેટલો સાક્ષરતાના પ્રમાણમાં વધારો થયો છે. જ્યારે ભારતમાં આ સમયગાળા દરમિયાન 55.71 ટકાવારી બિંદુ જેટલો વધારો થયો છે. આમ આયોજનકાળ દરમિયાન સાક્ષરતાના પ્રમાણમાં વૃદ્ધિની દૃષ્ટિએ ભારત કરતાં ગુજરાત રાજ્યની સ્થિતિ સારી છે. છતાં બંનેની ટકાવારી બિંદુમાં ખાસ કોઈ મોટો તફાવત જોવા નથી મળતો.

બીજી રીતે કહીએ તો, આજે પણ ગુજરાતના પાંચ વ્યક્તિમાંથી એક વ્યક્તિ નિરક્ષર છે, જ્યારે ભારત દેશના ચાર વ્યક્તિમાંથી એક વ્યક્તિ નિરક્ષર છે. ભારત દેશમાં સૌથી વધુ સાક્ષરતા કેરાલા રાજ્યમાં છે. 1951 ની સાલમાં સમગ્ર દેશમાં કેરાલા રાજ્યનું સ્થાન સાક્ષરતાની દૃષ્ટિએ પ્રથમ હતું અને ગુજરાતનું સ્થાન સાતમું હતું. જ્યારે 2011 માં સાક્ષરતાની દૃષ્ટિએ કેરાલા રાજ્યનું સ્થાન 93.91 ટકા સાથે પ્રથમ હતું અને ગુજરાત રાજ્યનું 79.31 ટકા સાથે 18 મું હતું. આનો અર્થ એમ થયો કે આઠ વર્ષના ગાળા દરમિયાન શિક્ષણ ક્ષેત્રે ઘણા રાજ્યો ગુજરાત રાજ્ય કરતા આગળ થઈ ગયા છે અથવા એમ કહી શકાય કે ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે જેટલી પ્રગતિ થવી જોઈતી હતી એટલી થઈ શકી નથી.

10.2.1.2 ગુજરાત અને ભારતમાં જાતિ પ્રમાણે સાક્ષરતા દર :

માત્ર સાક્ષરતા દરથી શિક્ષણ ક્ષેત્રે કેટલી પ્રગતિ થઈ તેનો ખ્યાલ આવતો નથી, પરંતુ પુરૂષોની સાથે સાથે મહિલાઓમાં પણ સાક્ષરતાના પ્રમાણમાં કેટલો ફેરફાર થયો, તે જાણવું પણ જરૂરી છે. સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે મહિલાઓને શિક્ષણ મળવું જરૂરી છે. Brigham Young ના શબ્દોમાં કહીએ તો,

"You educate a man, you educate a man, you educate a woman; you educate a generation."

મહિલાઓને જો શિક્ષણ મળશે તો તે અનેક પેઢીઓને તારશે તેવું વિદ્વાનોનું માનવું છે. આથી આપણે જાતિ પ્રમાણે ગુજરાત અને ભારતમાં સાક્ષરતાની સ્થિતિ તપાસીશું.

ટેબલ નં. 2 : ગુજરાતમાં જાતિ પ્રમાણે સાક્ષરતાનું પ્રમાણ

| ક્રમ | વર્ષ | ગુજરાત | | | | ભારત | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | તફાવત | પુરૂષ | સ્ત્રી | કુલ | તફાવત |
| 1 | 1951 | 30.32 | 12.87 | 21.82 | 17.45 | 27.16 | 8.86 | 18.33 | 18.30 |
| 2 | 1961 | 42.49 | 19.74 | 31.47 | 22.75 | 40.41 | 15.35 | 28.30 | 25.05 |
| 3 | 1971 | 47.60 | 25.56 | 36.95 | 22.04 | 45.96 | 21.97 | 34.45 | 23.08 |
| 4 | 1981 | 55.95 | 33.20 | 44.92 | 22.75 | 56.38 | 29.76 | 43.57 | 26.62 |
| 5 | 1991 | 73.13 | 48.64 | 61.29 | 24.49 | 64.13 | 39.21 | 52.21 | 24.84 |
| 6 | 2001 | 79.66 | 57.80 | 69.14 | 21.86 | 75.26 | 53.67 | 64.83 | 21.59 |
| 7 | 2011 | 87.23 | 70.73 | 79.31 | 16.50 | 82.14 | 65.46 | 74.04 | 16.68 |

સોર્સ : Office of the Registrar General, India

ઉપરોક્ત આંકડા દર્શાવે છે કે ગુજરાત રાજ્યમાં દરેક દસકામાં પુરૂષોની સરખામણીએ મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ નીચું જોવા મળે છે. 1951 થી 1991 ના ગાળા દરમિયાન 70 ના દસકાને બાદ કરતાં દરેક દસકામાં સ્ત્રી–પુરૂષ સાક્ષરતા દરનો તફાવત વધતો જાય છે. આ વાક્ય મૂળ પ્રમાણે જોઈ લેવું. 1991 બાદ સ્ત્રી–પુરૂષ શિક્ષણના પ્રમાણનો તફાવત ઘટતો જાય છે. એટલે કે 1991 માં નવા આર્થિક સુધારા અપનાવ્યા બાદ સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ અંગેની જાગૃતિ સતત વધતી જાય છે. વૈશ્વિકીકરણને કારણે ભારતીય સમાજ વિશ્વના સમાજ સાથે જોડાવવાથી તેમજ સરકાર દ્વારા કરવામાં આવતા વિવિધ પ્રયત્નો તેમજ સમાજમાં વધતા જતાં શિક્ષણને કારણે સ્ત્રીઓમાં શિક્ષણ વધે તે અંગેની જાગૃતિમાં વધારો થયો હોવાથી 1991 બાદ સ્ત્રી–પુરૂષ સાક્ષરતાના પ્રમાણમાં વધારો થઈ રહ્યો હોવાની અધિકૃત માહિતી મળતી

રહી છે. ગુજરાતની જેમ સમગ્ર ભારતમાં પુરૂષોની સરખામણીએ સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ દરેક દસકામાં ઓછું જોવા મળે છે. માત્ર 70 ના દસકાને બાદ કરતાં 1981 સુધી સ્ત્રી–પુરૂષ સાક્ષરતામાં તફાવત વધતો જાય છે. ભારતમાં 1981 પછી સ્ત્રી–પુરૂષ સાક્ષરતાના પ્રમાણમાં સતત ઘટાડો થઈ રહ્યો છે.

ગુજરાત રાજ્ય અને સમગ્ર ભારતમાં સાક્ષરતાના દરની સરખામણી કરીએ તો દરેક દસકામાં સમગ્ર ભારતની સરેરાશ કરતાં ગુજરાત રાજ્યમાં સાક્ષરતાનું પ્રમાણ વધુ છે. સ્ત્રી સાક્ષરતા દરની સરખામણી કરીએ તો પણ ગુજરાત રાજ્યમાં સમગ્ર ભારતની સરખામણીએ સાક્ષરતાનું સ્તર ઊંચું જોવા મળે છે. પરંતુ પુરૂષોમાં સાક્ષરતા દરની સરખામણી કરીએ તો 1981ના દસકામાં ગુજરાત રાજ્ય કરતાં સમગ્ર ભારતમાં સાક્ષરતાનો દર ઊંચો જોવા મળે છે. બાકીના બધા જ દસકામાં સમગ્ર ભારતની સરખામણીએ ગુજરાત રાજ્યમાં સાક્ષરતાનો દર વધુ જોવા મળે છે.

ગુજરાત રાજ્ય અને સમગ્ર ભારતમાં પુરૂષ અને સ્ત્રીમાં સાક્ષરતાનાં દરમાં અનુક્રમે 56.91, 57.86, 54.98 અને 56.6 ટકાવારી બિંદુ જેટલો વધારો થયો છે. એટલે કે ગુજરાત રાજ્યમાં સમગ્ર ભારત કરતાં પુરૂષ અને સ્ત્રી બંનેની સાક્ષરતામાં વધારો જોવા મળે છે. ગુજરાત રાજ્ય અને સમગ્ર ભારતમાં આયોજનકાળ દરમિયાન પુરૂષોના સાક્ષરતા પ્રમાણ કરતાં સ્ત્રીઓનું સાક્ષરતા પ્રમાણ સામાન્યતઃ વધારે જોવા મળે છે.

### 10.2.2 કુલ પ્રવેશ નોંધણીનું પ્રમાણ (Gross Enrollment Ratio) :

સમાજના વિકાસ માટે શિક્ષણનો વ્યાપ વધવો ખૂબ જ જરૂરી છે. શિક્ષણનો વ્યાપ વધારવા માટે સમાજના દરેક વર્ગને શિક્ષણ મળે તે જરૂરી છે. તે માટે પ્રવેશ મળવો જરૂરી છે. લોકોને શિક્ષણ મેળવવા માટે પ્રવેશ મળે તે મહત્ત્વનું છે. શિક્ષણમાં પ્રવેશ નોંધણી સમાજમાં કેટલા લોકોને શિક્ષણ મેળવવાની તક મળે છે તે બાબત દર્શાવે છે. શાળા કોલેજમાં પ્રવેશ નોંધણી માટે બે ખ્યાલ આપવામાં આવ્યા છે. જેમાં (૧) કુલ પ્રવેશ નોંધણીનું પ્રમાણ અને (૨) ચોખ્ખુ પ્રવેશ નોંધણીનું પ્રમાણ. હવે આપણે આ બંને ખ્યાલને સમજવાનો પ્રયત્ન કરીશું.

કુલ પ્રવશે નોંધણીનું પ્રમાણ એટલે ઉંમરને ધ્યાનમાં લીધા વિના શિક્ષણના જુદા–જદુા સ્તરે ચોક્કસ વર્ષ દરમિયાન પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા. આ ખ્યાલ એવું દર્શાવે છે કે શાળા કે કોલેજમાં ચોક્કસ વર્ષ દરમિયાન જે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે છે તેની ઉંમરને ધ્યાનમાં લેવામાં આવતી નથી.

ચોખ્ખી પ્રવેશ નોંધણીનું પ્રમાણ એટલે શિક્ષણના જુદા–જુદા સ્તરે શિક્ષણ માટેની નિર્ધારીત વયના છોકરા અને છોકરીઓનું નોંધણીનું પ્રમાણ.

હવે આપણે કુલ પ્રવેશ નોંધણીના પ્રમાણના સંદર્ભમાં ગુજરાત રાજયની શું સ્થિતિ છે તે તપાસી રાષ્ટ્રીય સ્થિતિ સાથે તેની સરખામણી કરવાનો પ્રયત્ન કરીશું.

ટેબલ નં. 3 : Gross Enrolment Rates (GER)

| | Years | Primary | | | Upper Primery | | | Secondary | | | Higher Secondary | | | Higher Education | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Boys | Girls | Total | Boys | Girls | Total | Boys | Girls | Total | Boys | Girls | Total | Boys | Girls | Total |
| Gujarat | 2013–14 | 100.32 | 102.06 | 101.13 | 91.82 | 89.72 | 90.86 | 81.80 | 65.93 | 74.50 | 53.06 | 43.25 | 48.51 | 21.5 | 17.2 | 19.5 |
| | 2014–15 | 97.57 | 100.07 | 98.72 | 93.63 | 93.47 | 93.56 | 80.82 | 66.67 | 74.34 | 47.44 | 42.02 | 44.93 | 22.2 | 17.5 | 20.0 |
| | 2015–16 | 95.46 | 99.11 | 97.24 | 94.70 | 96.99 | 95.73 | 80.26 | 66.82 | 74.13 | 45.17 | 41.42 | 43.43 | 22.9 | 18.3 | 20.7 |
| India | 2013–14 | 100.20 | 102.65 | 101.36 | 86.31 | 92.75 | 89.33 | 76.80 | 76.47 | 76.64 | 52.77 | 51.58 | 52.21 | 23.9 | 22.0 | 23.0 |
| | 2014–15 | 98.85 | 101.43 | 100.08 | 87.71 | 95.29 | 91.24 | 78.13 | 78.94 | 78.51 | 54.57 | 53.81 | 54.21 | 25.3 | 23.2 | 24.3 |
| | 2015–16 | 97.87 | 100.69 | 99.21 | 88.72 | 97.57 | 92.81 | 79.16 | 80.79 | 80.01 | 55.95 | 56.41 | 56.16 | 25.4 | 23.5 | 24.5 |

સોર્સ : DISE Data

ઉપરોક્ત ટેબલ જોતાં ખ્યાલ આવે છે કે ગુજરાત રાજ્યમાં કુલ પ્રવેશ નોંધણીનું પ્રમાણ 2013–14 ની તુલનાએ 2015–16 માં પ્રાથમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં ઘટાડો થયો છે. જ્યારે માધ્યમિક શિક્ષણમાં આ ગાળા દરમિયાન ખાસ કોઈ ફેરફાર થયો નથી જ્યારે ઉચ્ચ પ્રાથમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં આ સમયગાળા દરમિયાન વધારો થયેલો જોવા મળે છે. ગુજરાતમાં કુલ પ્રવેશ નોંધણી પ્રમાણની સરખામણી રાષ્ટ્રી ય સ્તર સાથે કરીએ તો 2015–16માં કુલ પ્રવેશ નોંધણીનું પ્રમાણ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં ઓછું જોવા મળે છે. માત્ર ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં જ વધારે જોવા મળે છે.

સામાન્ય રીતે ભારત પુરૂષપ્રધાન સામાજિક વ્યવસ્થા ધરાવે છે. આથી મહિલાની તુલનાએ પુરૂષોને તમામ ક્ષેત્રે વધારે તક મળતી હોય છે. શાળા–કોલેજમાં પ્રવેશ નોંધણીના સંદર્ભમાં જાતિ પ્રમાણેની સ્થિતિ જોઈએ તો 2013–14 અને 2015–16 બંને વર્ષમાં માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં છોકરીઓની તુલનાએ છોકરાઓની નોંધણીનું પ્રમાણ વધારે જોવા મળે છે. જ્યારે આ બંને વર્ષમાં પ્રાથમિક શિક્ષણમાં છોકરાઓ કરતાં છોકરીઓનું નોંધણીનું પ્રમાણ વધારે જોવા મળે છે અને ઉચ્ચતર પ્રાથમિકમાં 2013–14 માં છોકરીઓ કરતાં છોકરાઓનું નોંધણીનું પ્રમાણ વધારે જોવા મળે છે. આથી આપણે એવું કહી શકીએ કે પ્રાથમિક શિક્ષણમાં છોકરાઓની તુલનાએ છોકરીઓ વધારે પ્રવેશ મેળવે છે. પરંતુ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ તરફ જતાં છોકરીઓનું શિક્ષણ છોડવાનું પ્રમાણ વધી જાય છે. આ માટેના જવાબદાર કારણોમાં સ્ત્રી શિક્ષણને અપાતું ઓછું મહત્ત્વ, ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણની ઓછી સુવિધા, ઘરકામ માટે મુખ્યત્વે છોકરીઓની જવાબદારી, કુટુંબની આર્થિક સ્થિતિ વગેરેને ગણાવી શકાય.

જાતિ પ્રમાણ મુજબ પ્રવેશ નોંધણીની સરખામણી રાષ્ટ્રીય સ્તર સાથે કરીએ તો સમગ્ર ભારતમાં માત્ર ઉચ્ચ શિક્ષણમાં જ છોકરાઓ કરતાં છોકરીઓના પ્રવેશનું પ્રમાણ ઓછું છે. બાકી 2015–16 ના વર્ષમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચતર પ્રાથમિકમાં છોકરાઓ કરતાં છોકરીઓનું નોંધણીનું પ્રમાણ વધારે જોવા મળે છે.

ગુજરાત રાજ્યની સરખામણીએ સમગ્ર ભારતમાં પ્રાથમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં 2015–16 નાં વર્ષમાં છોકરાઓ કરતા છોકરીઓનું પ્રવેશ નોંધણીનું પ્રમાણ વધારે છે. જ્યારે ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં છોકરીઓના પ્રવેશ નોંધણીનું પ્રમાણ વધુ અને છોકરાઓનું પ્રવેશ નોંધમી પ્રમાણ ઓછું જોવા મળે છે.

10.2.3 જાતિ સમાનતા આંક :

કોઈ એક વિસ્તારમાં મહિલાઓને શિક્ષણ મેળવવાની કેટલી તક ઉપલબ્ધ થઈ છે તેનો ખ્યાલ જાતિ સમાનતા આંક દ્વારા મળી શકે છે. જાતિ સમાનતા આંક એટલે છોકરીઓના કુલ પ્રવેશ નોંધણીના ગુણોત્તરને છોકરાઓના કુલ પ્રવેશ નોંધણીના ગુણોત્તર દ્વારા ભાગતા જે આંક મળે તેને કહેવાય. આ આંક શોધતા જો આંક 1 (એક) આવે તો તેનો અર્થ એ થયો કે શિક્ષણ પ્રવેશ સંદર્ભમાં છોકરા અને છોકરી બંનેને સરખી તકો સાંપડી છે. જો જવાબ 1 કરતાં ઓછો આવે તો તેનો અર્થ એ થયો કે છોકરાઓ કરતા છોકરીઓને ઓછી તક મળી છે અને જવાબ 1 કરતા વધુ આવે તો છોકરાઓ કરતા છોકરીઓને વધારે તક પ્રાપ્ત થઈ છે. જાતિ સમાનતા આંક (GPI) શોધવા માટેનું સૂત્ર આ મુજબ છે.

$$GPI = \frac{\text{GER of Girls Students}}{\text{GER of Boys Students}}$$

ગુજરાત રાજ્યમાં GPI ની શું સ્થિતિ છે તે હવે તપાસીએ.

ટેબલ નં. 4 : Gender Parity Index (GPI)

| | Years | Primary | Upper Primery | Secondary | Higher Secondary | Higher Education |
|---|---|---|---|---|---|---|
| | | Total | Total | Total | Total | Total |
| Gujarat | 2013–14 | 1.02 | 0.98 | 0.81 | 0.82 | 0.80 |
| | 2014–15 | 1.03 | 1.00 | 0.82 | 0.89 | 0.79 |
| | 2015–16 | 1.04 | – | 0.83 | 0.92 | 0.80 |
| India | 2013–14 | 1.02 | 1.07 | 1.00 | 0.98 | 0.92 |
| | 2014–15 | 1.03 | 1.09 | 1.01 | 0.99 | 0.92 |
| | 2015–16 | 1.03 | – | 1.02 | 1.01 | 0.92 |

સોર્સ : Education Status Report

ઉપરોક્ત કોઠો જોતાં ખ્યાલ આવે છે કે ગુજરાતમાં પ્રાથમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં GPI એક કરતાં વધારે જોવા મળે છે એટલે કે છોકરાઓ કરતાં છોકરીઓનું શિક્ષણ મેળવવાનું પ્રમાણ વધારે જોવા મળે છે. જ્યારે માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં GPI એક કરતા ઓછો જોવા મળે છે એટલે કે છોકરીઓનું છોકરાઓની તુલનામાં પ્રવેશનું પ્રમાણ ઓછું જોવા મળે છે. આ માટેના કારણોની ચર્ચા આપણે ઉપરના ફકરામાં કરેલ છે.

સમગ્ર ભારતના GPI ની વાત કરીએ તો પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં તેમજ વર્ષ 2015–16 માં ઉચ્ચતર માધ્યમિકમાં 1 કરતા વધારે છે અને 2013–14 અને 2014–15 તેમજ ઉચ્ચ શિક્ષણમાં 1 કરતા ઓછું પ્રમાણ જોવા મળે છે. ગુજરાત રાજ્યના GPI ની સમગ્ર ભારતના GPI સાથે તુલના કરીએ તો શિક્ષણના દરેક સ્તર અને દરેક વર્ષોમાં સમગ્ર ભારતમાં ગુજરાત રાજ્ય કરતા GPI નું પ્રમાણ વધારે જોવા મળે છે.

### 10.2.4 શૈક્ષણિક સંસ્થાઓનું પ્રમાણ :

કોઈપણ વિસ્તારમાં શિક્ષણની પહોંચ વધારવા માટે પૂરતા પ્રમાણમાં શૈક્ષણિક સંસ્થાઓ હોવી જરૂરી છે. હવે આપણે ગુજરાતમાં શિક્ષણના જુદા–જુદા સ્તરે શિક્ષણની કેટલી સંસ્થાઓ છે તેની માહિતી કોઠા દ્વારા મેળવીશું.

ટેબલ નં. 5 : સંસ્થાની સંખ્યા (No. of Institute)

| Years | Primary | | ઉચ્ચપ્રાથમિક | | માધ્યમિક | | ઉચ્ચમાધ્યમિક | | ઉચ્ચશિક્ષણ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ગુજરાત | ભારત | ગુજરાત | ભારત | ગુજરાત | ભારત | ગુજરાત | ભારત | ગુજરાત | ભારત |
| 2013–14 | 11,698 (1.36) | 8,58,916 | 28,918 (6.86) | 4,21,524 | 4,572 (3.42) | 1,33,542 | 5,965 (5.76) | 1,03,569 | 1,944 (5.40) | 36,634 |
| 2014–15 | 11,689 | 8,47,118 | 29,464 | 4,25,094 | 4,424 (3.27) | 1,35,335 | 6,387 | 1,09,318 | 1,989 | 38,498 |
| 2015–16 | 11,840 | 8,40,546 | 29,642 | 4,29,324 | 4,350 | 1,39,539 | 6,592 | 1,12,637 | 2,019 | 39,071 |

National Institute of Educational Planning & Administration, New Delhi

ઉપરોક્ત કોષ્ટક તપાસતા જણાય છે કે ગુજરાતમાં 2013–14 ના વર્ષ કરતાં 2015–16 ના વર્ષમાં પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, ઉચ્ચ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની સંખ્યામાં વધારો થયો છે, જ્યારે માધ્યમિક શિક્ષણની સંસ્થાઓની સંખ્યામાં ઘટાડો થયેલો છે. જ્યારે સમગ્ર ભારતમાં 2013–14 નાં વર્ષ કરતા 2014–15 ના વર્ષમાં પ્રાથમિક શાળાની સંખ્યામાં ઘટાડો થયો છે અને ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં વધારો થયો છે. ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યાની તુલના સમગ્ર ભારત સાથે કરીએ તો 2015–16 ના વર્ષમાં પ્રાથમિક શાળાની સંખ્યા 1.40 ટકા, ઉચ્ચ પ્રાથમિક શાળાનું પ્રમાણ 6.90 ટકા, માધ્યમિક શાળાનું પ્રમાણ 3.12 ટકા, ઉચ્ચતર માધ્યમિક શાળાનું પ્રમાણ 5.85 ટકા અને કોલેજોનું પ્રમાણ 5.17 ટકા હતું.

### 10.2.5 શૈક્ષણિક સંસ્થાઓમાં પાયાની સુવિધાઓનું પ્રમાણ :

શિક્ષણનો વ્યાપ અને ગુણવત્તામાં વધારો કરવા માટે માત્ર શૈક્ષણિક સંસ્થાઓ જ નહિ પરંતુ શૈક્ષણિક સંસ્થાઓમાં પાયાની સુવિધા હોવી પણ ખૂબજ જરૂરી છે. હવે આપણે ગુજરાત રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં પાયાની સુવિધાઓ કેવી છે તે તપાસીશું. આ સાથે આપણે શાળાઓમાં શિક્ષકોનું પ્રમાણ પણ તપાસવાનો પ્રયત્ન કરીશું.

ટેબલ નં. 6 : શૈક્ષણિક સંસ્થાઓમાં પાયાની સુવિધાઓ

| PerformanceIndicaters(in%) | Primary only | | Primary with U.P. | | P. +U.P. + Sec. / H.S. | | Upper Primary only | | U.P.+Sec. / H.S. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | 07–08 | 15–16 | 07–08 | 15–16 | 07–08 | 15–16 | 07–08 | 15–16 | 07–08 | 15–16 |
| Single–ClassroomSchools | 6.5 | 2.6 | 0.9 | 0.4 | 0.5 | 0.3 | 1.6 | 1.2 | 4.1 | 5.9 |
| Single–TeacherSchools | 4.5 | 3.9 | 0.6 | 0.7 | 1.1 | 0.0 | 4.3 | 2.5 | 3.2 | 0.5 |
| SchoolswithGirlsToilets | 47.0 | 99.9 | 73.3 | 100.0 | 90.0 | 100.0 | 82.9 | 100.0 | 91.2 | 100.0 |
| SchoolswithDrikingWaterFacility | 80.0 | 100.0 | 90.3 | 99.9 | 97.2 | 100.0 | 97.6 | 100.0 | 99.5 | 100.0 |
| SchoolswithKitchenShed | 33.9 | 96.1 | 47.0 | 96.4 | 38.0 | 91.7 | 38.3 | 79.9 | 30.0 | 83.8 |
| Schoolswith<=50Students | 40.3 | 54.1 | 17.5 | 8.2 | 6.3 | 2.5 | 15.4 | 14.8 | 12.0 | 15.0 |
| Pupil–TeacherRatio | 29 | 22 | 33 | 30 | 35 | 25 | 34 | 33 | 35 | 9 |
| Students–ClassroomRatio | 31 | 19 | 36 | 28 | 35 | 41 | 34 | 28 | 32 | 32 |
| Av.No.of TeachersPerSchool | 3.4 | 3.0 | 7.2 | 8.2 | 10.0 | 22.9 | 5.3 | 5.5 | 6.1 | 17.3 |
| FemaleTeachers | 49.1 | 51.0 | 53.5 | 55.4 | 71.2 | 65.3 | 56.2 | 59.1 | 65.0 | 30.5 |

સ્રોત : NUEPA

ઉપરોક્ત કોષ્ટક જોતાં ખ્યાલ આવે છે કે એક જ વર્ગખંડ ધરાવતી હોય તેવી શાળાનું પ્રમાણ 2007–08 ની તુલનાએ 2015–16 માં પ્રાથમિક, પ્રાથમિક + ઉચ્ચ પ્રાથમિક, પ્રાથમિક + ઉચ્ચ પ્રાથમિક + માધ્યમિક + ઉચ્ચ માધ્યમિક, માત્ર ઉચ્ચતર માધ્યમિકમાં ઘટાડો નોંધાયો છે, જ્યારે જે શાળામાં ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક હતું તેમાં વધારો થયો છે.

એક જ શિક્ષક હોય તેવી શાળાના પ્રમાણમાં પણ 2007–08 ની તુલનાએ 2015–16 માં પ્રાથમિક + ઉચ્ચતર પ્રાથમિક શાળામાં સામાન્ય વધારો નોંધાયેલો છે.

કન્યાઓ શાળાઓમાંથી અધવચ્ચે શિક્ષણ છોડી જતી ન રહે તે માટે કન્યાઓને લગતી કેટલીક સુવિધાઓ હોવી જરૂરી છે. આ સુવિધાઓમાં એક મહત્ત્વની સુવિધા કન્યા શૌચાલયની છે. સાળામાં આ પ્રકારની સુવિધાના અભાવના કારણે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં કન્યાઓ શિક્ષણ છોડવાનું પ્રમાણ વધારે જોવા મળે છે. ગુજરાત રાજ્યમાં છેલ્લા દસકામાં આ પ્રકારની સુવિધાઓમાં ખાસ વધારો થયેલો જોવા મળે છે. પ્રાથમિક શાળા સિવાય દરેક સ્તરે આ પ્રકારની સુવિધા 2015–16 ના વર્ષમાં 100 ટકા ઉપલબ્ધ હતી અને પ્રાથમિક શાળાઓમાં પણ 99.9 ટકા સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવી હતી. શાળાઓમાં પીવાના પાણીની સુવિધાઓ પણ 100 ટકા આપવામાં આવી રહી છે. ગુજરાત રાજ્યમાં બાળકો માટે મધ્યાહ્ન ભોજન યોજના ચાલતી હોવાથી લગભગ મોટાભાગની શૈક્ષણિક સંસ્થાઓમાં કિચન શેડની સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવી છે.

શાળાઓમાં વિદ્યાર્થીનું પ્રમાણ કેટલું છે તે બાબત પણ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ અગત્યની છે. જો શાળાઓમાં વિદ્યાર્થીઓનું પ્રમાણ ઓછું હશે તો વિદ્યાર્થી દીઠ શિક્ષણનો સરેરાશ ખર્ચ વધારે આવશે અને જો વિદ્યાર્થીઓનું પ્રમાણ ખૂબ વધારે હશે તો શિક્ષણની ગુણવત્તા પર તેની નકારાત્મક અસર પડશે.

શિક્ષણની ગુણવત્તા ઊંચે લઈ જવા માટે મહત્ત્વના કેટલાક પરિબળોમાં વિદ્યાર્થી–શિક્ષણનું ગુણોત્તર પ્રમાણ મહત્ત્વનું પરિબળ છે. જો શિક્ષણની ગુણવત્તા સુધારવી હોય તો વિદ્યાર્થી–શિક્ષક ગુણોત્તરમાં ઘટાડો લાવવો પડે. વિદ્યાર્થી–શિક્ષક ગુણોત્તર એટલે એક શિક્ષક દીઠ વિદ્યાર્થીઓનું પ્રમાણ. ઉપરોક્ત ટેબલ જોતાં ખ્યાલ આવશે કે ગુજરાત રાજ્યમાં શિક્ષણના દરેક સ્તરે 2007– 08 ના વર્ષ કરતાં 2015–16 ના વર્ષમાં વિદ્યાર્થી–શિક્ષક ગુણોત્તરના પ્રમાણમાં ઘટાડો થયેલો જોવા મળે છે. આનો અર્થ એ થાય છે કે ગુજરાત રાજ્યમાં સરકાર દ્વારા છેલ્લા દાયકા દરમિયાન શિક્ષકોની ભરતી મોટા પાયે કરી છે.

અહીં શાળાદીઠ શિક્ષકનું પ્રમાણ કેટલું છે તે જોવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્યમાં 2007–08 ના વર્ષની તુલનાએ 2015–16 ના વર્ષમાં માત્ર પ્રાથમિક શાળા સિવાય દરેક સ્તરની શાળામાં સરેરાશ શિક્ષકોની સંખ્યામાં વધારો થયો છે. જ્યારે પ્રાથમિક શાળામાં સામાન્ય ઘટાડો નોંધાયેલો જોવા મળે છે. આમ સારા પ્રમાણમાં શિક્ષકોની ભરતી કરવાથી સરેરાશ શિક્ષકોની સંખ્યા શાળાદીઠ વધવા પામી છે. કુલ શિક્ષકોમાં મહિલા શિક્ષકોનું પ્રમાણ કેટલું છે તે પણ જાણવાનો પ્રયત્ન કર્યો છે. અહીં જોઈ શકીએ છીએ કે 2015–16 ના વર્ષમાં શિક્ષણના દરેક સ્તરે સિવાય કે ઉચ્ચ પ્રાથમિક + માધ્યમિક + ઉચ્ચતર માધ્યમિક શાળામાં મહિલા શિક્ષકોનું પ્રમાણ 50 ટકા કરતાં વધારે જોવા મળે છે. માત્ર P + Sec. + H.S. શાળા સ્તરે જ મહિલાનું પ્રમાણ 30 ટકાની આસપાસ છે.

### 10.2.6 શિક્ષણ વિકાસ આંક (EDI) :

EDI નો મુખ્ય હેતુ શિક્ષણ સંબંધિત સાધનો, પ્રક્રિયા અને પરિણામના નિર્દેશકોને લગતા જુદા–જુદા પાસાઓને ધ્યાનમાં રાખી શિક્ષણની સમગ્રતયા સ્થિતિ દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ આંકથી એવો ખ્યાલ આવે છે કે કયો પ્રદેશ કે વિસ્તાર શિક્ષણના વિકાસમાં પાછળ રહી ગયો છે. જેથી કરીને જે–તે પ્રદેશ કે વિસ્તારમાં શિક્ષણના સુધારા પર ભાર આપી શકાય છે. આથી તેને શિક્ષણના સુધારા માટેનું એક મહત્ત્વનું સાધન માનવામાં આવે છે.

ભારતમાં DISE જુદી–જુદી શાળાઓ આધારીત સાધનો, પ્રક્રિયા અને કેટલાક પરિણામ સંબંધિત નિર્દેશકોની માહિતી પૂરી પાડે છે. DISE ની માહિતીના આધારે, NUEPA (National University of Educational Planning and Administration) ભારત સરકારનો શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ શિક્ષણ વિકાસ આંકની ગણતરી કરે છે. પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ માટેનો અલગ–અલગ અને બંનેનો સંયુક્ત શિક્ષણ વિકાસ આંકની ગણતરી કરવામાં આવે છે. ભારત સરકારે આ માટે 2005–06 ના વર્ષમાં એક કાર્યકારી જૂથની રચના કરી છે, જેમાં NUEPA પણ એક સભ્ય છે. હવે આપણે ગુજરાત રાજ્યમાં પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ વિકાસ આંકની ચર્ચા કરીએ.

ટેબલ નં. 7 : પ્રાથમિક કક્ષા

| પ્રવેશ | | આંતર માળખુ | | શિક્ષક | | પરિણામ | |
|---|---|---|---|---|---|---|---|
| આંક | ક્રમ | આંક | ક્રમ | આંક | ક્રમ | આંક | ક્રમ |
| 0.101 | 33 | 0.586 | 15 | 0.805 | 10 | 0.759 | 12 |

સોર્સ : NUEPA

ઉપરોક્ત કોઠો જોતા ખ્યાલ આવે છે કે શિક્ષણના જુદા–જુદા પાસાઓમાં ગુજરાત રાજ્યનો સમગ્ર ભારતમાં જુદો–જુદો ક્રમ જોવા મળે છે. ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શિક્ષણમાં સૌથી સારી સ્થિતિ શિક્ષકના પ્રમાણમાં છે જે સમગ્ર ભારતમાં 0.805 આંક સાથે આઠમો ક્રમ ધરાવે છે અને સૌથી નબળી સ્થિતિ શાળા પ્રવેશની સ્થિતિમાં છે. જેમાં 0.101 આંક સાથે સમગ્ર ભારતમાં 33 મો ક્રમ ધરાવે છે. જ્યારે પરિણામ અને આંતર માળખાના સંદર્ભમાં પણ ઠીક કહી શકાય તેવી સ્થિતિ રાજ્ય ધરાવે છે. પરિણામમાં ૧૨મો ક્રમ અને આંતર માળખાકીય સ્થિતિમાં 15 ક્રમ ધરાવે છે. અહીં આર્થિક વિકાસની દષ્ટિએ હંમેશા સમગ્ર ભારતમાં અગ્ર સ્થાનોમાં રહેતું ગુજરાત રાજ્ય શિક્ષણના સંદર્ભમાં ઘણું પાછળ જોવા મળે છે.

આપણે ત્યાં પ્રાથમિક શિક્ષણને બે ભાગમાં વહેંચવામાં આવ્યું છે. પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક એટલે ધોરણ 6 થી 8 સુધીનું શિક્ષણ. હવે આપણે ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણમાં શિક્ષક વિકાસ આંકની સ્થિતિ કેવી છે તે જોઈએ.

ટેબલ નં. 8 : ઉચ્ચતર પ્રાથમિક કક્ષા

| પ્રવેશ | | આંતર માળખું | | શિક્ષક | | પરિણામ | |
|---|---|---|---|---|---|---|---|
| આંક | ક્રમ | આંક | ક્રમ | આંક | ક્રમ | આંક | ક્રમ |
| 0.368 | 14 | 0.814 | 3 | 0.848 | 12 | 0.606 | 21 |

સોર્સ : એજ્યુકેશન સ્ટેટસ રિપોર્ટ – ગુજરાત

ઉપરોક્ત માહિતી પરથી ખ્યાલ આવે છે કે ઉચ્ચતર પ્રાથમિક કક્ષાએ ગુજરાત રાજ્યની શિક્ષણ વિકાસ આંકના જુદા–જુદા પાસાંની સ્થિતિ ઘણી સારી છે તેવું કહી શકાય નહિ. આ પાસાઓમાં માત્ર આંતર માળખાકીય સુવિધાઓની દષ્ટિએ ગુજરાત સમગ્ર ભારતમાં સારી સ્થિતિ ધરાવે છે. કારણ કે આ ક્ષેત્રે 0.814 ના આંક સાથે સમગ્ર ભારતમાં ગુજરાત ત્રીજો ક્રમ ધરાવે છે. સૌથી વધારે નબળી પરિસ્થિતિ વિદ્યાર્થીઓના પરીણામમાં જોવા મળે છે. જ્યાં 0.606 આંક સાથે ગુજરાત રાજ્યનો ક્રમ 21 મો છે. જ્યારે શિક્ષકોનું પ્રમાણ અને પ્રવેશમાં રાજ્યનો ક્રમ અનુક્રમે 12 અને 14 મો છે.

આમ પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક કક્ષાએ શિક્ષણ વિકાસ આંકમાં ગુજરાત રાજ્ય સમગ્ર ભારતની સરખામણી એ ઘણું પાછળ છે તેમ કહી શકાય.

(ક) તમારી પ્રગતિ ચકાસો :

(1) ગુજરાત રાજ્યમાં સાક્ષરતાની સ્થિતિનું વર્ણન કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) ગુજરાત રાજ્યમાં પ્રવેશ નોંધણી પર વિગતે નોંધ લખો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(3) જાતિ સમાનતા આંક એટલે શું ? ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે વિવિધ સ્તરે જાતિ સમાનતા આંકના વલણો તપાસો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(4) ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓમાં પાયાની સુવિધાની સ્થિતિ વિશે નોંધ તૈયાર કરો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(5) શિક્ષણ વિકાસ આંક એટલે શું ? શિક્ષણ વિકાસ અંગેની પ્રક્રિયા અને વલણો તપાસો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

## 10.3 ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે કેટલીક સમસ્યાઓ (પ્રશ્નો) :

શિક્ષણ એ એવું સાધન છે કે જે લોકોને જ્ઞાન, કુશળતા અને ટેક્નિક પૂરું પાડવાનું કાર્ય કરે છે. તેનાથી લોકો કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજ અને હક્ક બાબતમાં સભાન અને સક્ષમ બને છે. શિક્ષણ દ્વારા લોકોની વિશ્વને જોવાની દૃષ્ટિ વિકસે છે. તે સમાજને અન્યાય, હિંસા, ભ્રષ્ટાચાર સામે લડતાં શીખવે છે. આથી આપણે એવું કહી શકીએ કે શિક્ષણ લોકોના સર્વાંગી વિકાસ માટેનું એક પ્રેરક પરિબળ છે. તે ગુણવત્તાયુક્ત અને સર્વવ્યાપક બને તે સમાજ માટે ઈચ્છનીય અને જરૂરી છે. અહીં આપણે ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે જોવા મળતી કેટલીક મહત્ત્વની સમસ્યાઓની વિશે ચર્ચા કરીશું.

(1) સાક્ષરતાનું ઓછું પ્રમાણ : ગુજરાત રાજ્યમાં 2011 ની વસ્તી ગણતરી પ્રમાણે સાક્ષરતાનું પ્રમાણ 79% જેટલું છે. વિશ્વના કેટલાક વિકસિત દેશો અને ભારતના કેટલાક વિકસિત રાજ્યોમાં સાક્ષરતાનું પ્રમાણ 90 ટકા કરતા પણ વધારે છે. આની સામે ગુજરાતમાં આ પ્રમાણ ઓછું છે. ગુજરાત અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યા બાદના 90 વર્ષોમાં દર પાંચ ગુજરાતીમાંથી એક ગુજરાતી નિરક્ષર માલૂમ પડે છે.

(2) શાળા–કોલેજોમાં નોંધણીનું નીચું પ્રમાણ : ગુજરાત સરકાર દ્વારા છેલ્લા બે દાયકાથી શાળા–કોલેજમાં નોંધણીનું પ્રમાણ વધે તે માટે ઘણી યોજનાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ પ્રયત્નોના પરિણામે પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે નોંધણીનું પ્રમાણ વધવા પામ્યું છે અને લગભગ 95% કે તેની આસપાસ થયું છે. પરંતુ માધ્યમિક અને ઉચ્ચતર

માધ્યમિક શાળામાં નોંધણીનું પ્રમાણ હજુ અનુક્રમે 75% અને 50% ની આસપાસ રહ્યું છે, જે ઘણું ઓછું કહેવાય. આના કરતાં પણ દયનીય સ્થિતિ ઉચ્ચ શિક્ષણમાં જોવા મળે છે. જેમાં નોંધણીનું પ્રમાણ હજુ 21%ની આસપાસ જ જોવા મળે છે. એટલે 12 ધોરણ પાસ થયેલ પાંચ ગુજરાતીમાંથી માત્ર એક જ ગુજરાતી ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મેળવે છે.

(3) શાળા–કોલેજ છોડવાનું ઊંચું પ્રમાણ : વિદ્યાર્થીઓ શાળા–કોલેજમાં માત્ર પ્રવેશ મેળવે એટલું જ જરૂરી નથી, પરંતુ શાળા કે કોલેજનો અભ્યાસ પૂર્ણ કરે તે પણ ખૂબ જ જરૂરી છે. ગુજરાત રાજ્યમાં શાળા કે કોલેજ છોડી જવાનું પ્રમાણ ઘણું ઊંચું છે. ગુજરાત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી જુદી જુદી યોજનાઓને કારણે પ્રાથમિક ક્ષેત્રે શાળા છોડવાનું પ્રમાણ ઘણું ઘટ્યું છે, પરંતુ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે શિક્ષણ અધુરું છોડવાનું પ્રમાણ ઘણું વધારે છે. આ સમસ્યાને નિવારવા માટે હજી ઘણાં પગલાં લેવાબાકી છે.

(4) શિક્ષણક્ષેત્રે ઓછા બજેટની ફાળવણી : શિક્ષણનો વ્યાપ વધારવા તેમજ ગુણવત્તામાં સુધારો કરવા માટે શિક્ષણ પાછળ થતો ખર્ચ ખૂબ અગત્યનો છે. ગુજરાત રાજ્યમાં શિક્ષણ પાછળ થતા જાહેર ખર્ચનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. ગુજરાત સરકાર તેના કુલ બજેટના 3 થી 4 ટકા ખર્ચ જ શિક્ષણ પાછળ ખર્ચાળ છે. આથી સમગ્ર શિક્ષણ વ્યવસ્થામાં બજેટના પ્રમાણમાં ખૂબ જ ઓછા નાણાં ભાગે આવતાં હોય છે.

(5) કદના ગેરલાભો : શિક્ષણનો વ્યાપ અને ગુણવત્તા માટે નાણાકીય ફાળવણી અગત્યની છે, તેની સામે શિક્ષણ ક્ષેત્રે આ નાણાંનો ઈષ્ટત્તમ ઉપયોગ થાય એ પણ જરૂરી છે. ગુજરાત રાજ્યમાં મોટા ભાગે શાળાઓ અને કોલેજોનું પ્રમાણ એવું છે કે સંસ્થાઓમાં વિદ્યાર્થીઓનું પ્રમાણ 50 કે તેથી ઓછી સંખ્યા હોય છે. આથી શિક્ષણ ક્ષેત્રે રોકવામાં આવેલા સાધનોનો ઈષ્ટતમ ઉપયોગ શક્ય બનતો નથી. જેથી શિક્ષણ ક્ષેત્રે કદના લાભો મળવા જોઈએ તે મળતા નથી. બીજી રીતે કહીએ તો આ સમસ્યાને કારણે કદના ગેરલાભો ઉદ્દભવે છે.

(6) ખાનગીકરણનું વધતું પ્રમાણ : ભારત સરકારની ખાનગીકરણની નીતિ સાથે ગુજરાત સરકારે ખાનગીકરણની નીતિ અપનાવી છે. જેના ભાગ રૂપે ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે ખાનગી સંસ્થાનું પ્રમાણ સતત વધતું જાય છે. ખાનગી સંસ્થા વધુ વિદ્યાર્થીઓ મેળવવા માટે ઘણીવાર ગેરવ્યાજબી અને અનૈતિક રીત–રસમો અપનાવતી હોય છે. આ સંસ્થાઓની ફી ઘણી ઊંચું હોવાથી ગરીબ અને સામાન્ય આવક ધરાવતા વર્ગના છોકરા–છોકરીઓને શિક્ષણ મેળવવું મુશ્કેલ બનતું હોય છે.

(7) શિક્ષણની નિમ્ન ગુણવત્તા : શિક્ષણ ક્ષેત્રે આવતા પરિમાણાત્મક ફેરફારોની સાથે–સાથે ગુણાત્મક ફેરફારો થાય તે પણ જરૂરી છે. ગુજરાત રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા નબળી જણાય છે. પ્રથમ નામની સ્વૈચ્છિક સંસ્થાના અહેવાલ મુજબ ગુજરાત રાજ્યના કેટલાક વિસ્તારમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની વાંચન, ગણન અને લેખન ક્ષમતા હોવી જોઈએ, તેના કરતા ઓછી જણાઈ હતી. આથી આપણે એવું કહી શકીએ કે ગુજરાત રાજ્યમાં શિક્ષણની નિમ્ન ગુણવત્તા જોવા મળે છે. આ સમસ્યાને નિવારવા માટે ગુજરાત સરકાર સતત પ્રયત્ન કરી રહી છે.

## 10.4 શિક્ષણનું ખાનગીકરણ :

માનવજીવનના વિકાસ માટે શિક્ષણને મહત્ત્વના અને ખૂબ જ શક્તિશાળી સાધન તરીકે માનવામાં આવે છે. શિક્ષણ પાછળ કરવામાં આવતા ખર્ચને માનવ મૂડીરોકાણ તરીકે ગણવામાં આવે છે. આ બાબત પર સૌપ્રથમવાર 1963 માં ટી. ડબ્લ્યુ. શુલ્ઝ

દ્વારા ધ્યાન આપવામાં આવ્યું હતું. સમાજ જીવનના વિવિધ પાસાઓ જેવા કે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક કે રાજકીય વગેરેમાં ફેરફારો લાવવા હોય તો તે માત્ર શિક્ષણ દ્વારા જ શક્ય બનશે. આથી સમગ્ર સમાજમાં શિક્ષણનો ફેલાવો વધે અને વધુમાં વધુ લોકો શિક્ષણ લેતા થાય તેવા ઉદ્દેશથી સરકાર દ્વારા શિક્ષણનો ખર્ચ વહન કરવામાં આવતો હતો. પરંતુ જેમ–જેમ શિક્ષણની માંગમાં વધારો થતો ગયો તેમ તેમ સરકારની વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિ પાછળ થતાં ખર્ચમાં સતત વધારો થતો ગયો. પરંતુ સરકાર દ્વારા બધા જ ખર્ચને પહોંચી વળવું શક્ય ન હોવાથી સરકારે જુદા–જુદા ક્ષેત્રોમાં ખાનગીકરણની નીતિને પ્રોત્સાહન આપ્યું હતું. ભારત સરકાર દ્વારા 1991 માં કરવામાં આવેલાં આર્થિક સુધારાઓમાં ખાનગીકરણ પર ખૂબ ભાર આપવામાં આવ્યો હતો. આથી સરકારની આ નીતિમાંથી શિક્ષણ ક્ષેત્ર બાકાત રહી શક્યું નહતું. ત્યારથી શિક્ષણક્ષેત્રે વધતી જતી માંગ અને અન્ય કારણોસર સરકારે ખાનગીકરણનો માર્ગ અપનાવ્યો છે. ગુજરાત સરકારે પણ કેન્દ્ર સરકારની આ નીતિના આધારે 1996 પછી શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણને વધુ પ્રોત્સાહન આવ્યું છે.

### 10.4.1 શિક્ષણમાં ખાનગીકરણના હેતુઓ :

શિક્ષણ ક્ષેત્રે નીચેના હેતુથી ખાનગીકરણ અપનાવવામાં આવ્યું હતું.

– ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવું.

– ટેક્નોલોજીકલ પ્રગતિને પ્રોત્સાહન.

– ઉદ્યોગ અને શિક્ષણ વચ્ચેનો તફાવત ઘટાડવો.

– સરકાર પરનું આર્થિક ભારણ ઘટાડવું.

– દૂરવર્તી વિસ્તાર અને નાના શહેરી વિસ્તારમાં શિક્ષણ પૂરું પાડવું.

– આંતરરાષ્ટ્રીય ધોરણો પ્રમાણેનું શિક્ષણ આપવું.

– ભારતના વિકાસ માટે વધુમાં વધુ કુશળતા ધરાવતી માનવશક્તિ વિકસાવવી.

### 10.4.2 શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણના ઉદ્દભવનાં કારણો :

સમગ્ર દેશમાં વધતી જતી વિકાસલક્ષી વિવિધ પ્રવૃત્તિને પહોંચી વળવું સરકાર માટે મુશ્કેલ હતું, તેમજ ખાનગી ક્ષેત્ર પરના અવરોધોને કારણે દેશમાં તીવ્ર ગતિએ વિકાસ કરવો મુશ્કેલ હતો. આથી સરકાર દ્વારા વિવિધ ક્ષેત્રે ખાનગીકરણ અપનાવવામાં આવ્યું. આ સાથે શિક્ષણમાં પણ ખાનગીકરણ દાખલ કરવામાં આવ્યું, એ માટે નીચેના કારણો જવાબદાર હતા.

(1) નીતિમાં પરિવર્તન : ભારતના બંધારણના આર્ટીકલ 45 મુજબ, 6 થી 14 વર્ષના બાળકો માટે શિક્ષણ મુક્ત અને ફરજીયાત કરવામાં આવ્યું. આથી પ્રાથમિક શિક્ષણ પર ભાર આપવામાં આવ્યો. શિક્ષણના વધતા વ્યાપને કારણે માંગને પહોંચી વળવા માટે ખાનગીકરણ પર ભાર આપવો જરૂરી બન્યો.

(2) ઉચ્ચ શિક્ષણની વધતી માંગ : પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની માંગમાં વધારો થતાં ઉચ્ચ શિક્ષણની માંગ વધી. આ ઉપરાંત દેશમાં વસ્તી વધારો ખૂબ જ ઊંચો રહેતાં ઉચ્ચ શિક્ષણની માંગમાં વધારો થયો. આથી ઉચ્ચ શિક્ષણની માંગને પહોંચી વળવા ખાનગીકરણ કરવું જરૂરી બન્યું.

(3) આર્થિક ફરજીયાતપણું : શિક્ષણ સાંસ્કૃતિક સંકલન દ્વારા વૈશ્વિકીકરણ સાથે સંબંધ ધરાવે છે. આજના સ્પર્ધાત્મક યુગમાં શિક્ષણ ક્ષેત્રે વિશ્વમાં પ્રવર્તતા શૈક્ષણિક પ્રવાહો સાથે

કદમ મિલાવવા ખૂબ જ જરૂરી છે. એ માટે શિક્ષણ પાછળ જ ઊંચા ખર્ચની જરૂરીયાત રહે છે. ઉપરાંત વિશ્વની ખાનગી શૈક્ષણિક સંસ્થાઓની મદદ લેવી પણ જરૂરી છે. આ કારણસર શિક્ષણના ખાનગીકરણના વ્યાપમાં વધારો થયો.

(4) માંગ બાજુનું દબાણ : શિક્ષણમાં વધતી જતી પ્રવેશની સમસ્યાનો સામનો કરવા સરકાર અસમર્થ બની હતી. કારણ કે સરકારે આ માંગને પહોંચી વળવું હોય તો કરવેરા દ્વારા આવક વધારવી જરૂરી હતી. કરવેરાનું વધતુ પ્રમાણ લોકોના સરકાર પ્રત્યેના રોષમાં વધારો કરી શકે તેમ હતું. આથી કરવેરા દ્વારા આવક વધારી શિક્ષણની માંગ પૂરી કરવાને બદલે શિક્ષણમાં ખાનગી ક્ષેત્રને છૂટ આપી માંગ વધારવાનો સરકાર દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યો.

(5) ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ટેક્નોલોજીનો ઉપયોગ : ગુણવત્તાયુક્ત શિક્ષણ સેવા પૂરી પાડવા માટે મોટા સમૂહને શિક્ષણ આપવાને બદલે નાના—નાના જૂથમાં શિક્ષણ મળી રહે તે જરૂરી હતું. આ ઉપરાંત વિશ્વમાં ઉપયોગ થઈ રહેલી શૈક્ષણિક ટેક્નોલોજીની ગુણવત્તા સુધારવા માટે ઉપયોગ કરવો જરૂરી હતો. આવું કરવા માટે ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપવા સિવાય સરકાર પાસે બીજો રસ્તો ન હતો.

### 10.4.3 શૈક્ષણિક ક્ષેત્રે ખાનગીકરણનું પ્રમાણ :

છેલ્લા ત્રણ દાયકા દરમિયાન સમગ્ર ભારત અને ગુજરાત રાજયમાં શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણ પર ભાર આપવામાં આવ્યો છે. હવે આપણે કુલ શૈક્ષણિક સંસ્થાઓમાં ખાનગી સંસ્થાનું પ્રમાણ કેટલું છે તે તપાસીશું.

ટેબલ નં. 9 : શૈક્ષણિક સંસ્થાઓમાં ખાનગી સંસ્થાનું પ્રમાણ (ટકાવારીમાં)

| ક્રમ | વર્ષ | 2008–09 | | | 2015–16 | | |
|---|---|---|---|---|---|---|---|
| | શાળાનોપ્રકાર | સરકારી શાળાનું પ્રમાણ | ખાનગી શાળાનું પ્રમાણ | કુલ શાળાનું પ્રમાણ | સરકારી શાળાનું પ્રમાણ | ખાનગી શાળાનું પ્રમાણ | કુલ શાળાનું પ્રમાણ |
| 1. | માત્રપ્રાથમિક | 92.62 | 7.38 | 100.00 | 89.71 | 10.29 | 100.00 |
| 2. | પ્રાથમિકઅનેઉચ્ચતરપ્રાથમિક | 85.00 | 15.00 | 100.00 | 78.58 | 21.42 | 100.00 |
| 3. | પ્રાથમિક/ઉચ્ચતરપ્રાથમિક/ માધ્યમિક/ઉચ્ચતરમાધ્યમિક | 12.47 | 87.53 | 100.00 | 03.46 | 96.54 | 100.00 |
| 4. | માત્રઉચ્ચતરપ્રાથમિક | 25.00 | 75.00 | 100.00 | 38.78 | 61.22 | 100.00 |
| 5. | ઉચ્ચતરપ્રાથમિક/માધ્યમિક/ ઉચ્ચતરમાધ્યમિક | 06.76 | 93.24 | 100.00 | 21.37 | 78.63 | 100.00 |
| 6. | કુલ | | | | | | |

સ્રોત : DISE રિપોર્ટ

ઉપરોક્ત આંકડા જોતાં ખ્યાલ આવે છે કે વર્ષ 2008–09 અને 2015–16 માં પ્રાથમિક તેમજ પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક સિવાયની શૈક્ષણિક સંસ્થાઓમાં સરકારી શાળાના પ્રમાણ કરતાં ખાનગી શાળાનું પ્રમાણ વધારે જોવા મળે છે. ૨૦૦૮—૦૯ અને 2015–16 ની તુલના કરતાં માત્ર ઉચ્ચતર પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક / માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક સિવાય ત્રણે પ્રકારની સંસ્થામાં ખાનગી સંસ્થાનો ફાળો વધવા પામ્યો છે. આમ સરકાર દ્વારા ખાનગીકરણની શરૂઆત થયા બાદ ઉત્તરોત્તર ખાનગી શૈક્ષમિક સંસ્થાઓનું પ્રમાણ સતત વધતું રહ્યું છે.

## 10.5 ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે જાહેર નીતિ :

શિક્ષણ નીતિ એટલે શૈક્ષણિક ક્ષેત્રના સિદ્ધાંતો અને સરકારની નીતિઓ તેમજ કાયદા અને નિયમોનો સમૂહ. જે સમગ્ર શિક્ષણ પ્રણાલીને સંચાલિત કરે છે. દરેક દેશ પોતાની આર્થિક, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક સ્થિતિને ધ્યાનમાં રાખી શિક્ષણ સંદર્ભે જાહેર નીતિનું ઘડતર કરતો હોય છે. એકવાર નક્કી થયેલી આ શિક્ષણ પ્રણાલીમાં સમયાંતરે ફેરફારો પણ કરવામાં આવતા હોય છે. ભારત દેશ દ્વારા પણ સમયાંતરે પોતાની શિક્ષણ નીતિનું ઘડતર કરી યથાયોગ્ય ફેરફારો કરેલ છે. ભારત સરકારે સૌપ્રથમ 1948 માં પ્રથમ શિક્ષણ નીતિથી શરૂઆત કરીને 2019 સુધીમાં ઘણી શિક્ષણ નીતિઓનું ઘડતર કરેલ છે. દેશના રાજ્યો પણ દેશની શિક્ષણ નીતિને ધ્યાનમાં રાખી પોતાની અલગ નીતિનું ઘડતર કરી શકે છે. પરંતુ ગુજરાત રાજ્ય દ્વારા કોઈ અલગ શિક્ષણ નીતિનું ઘડતર કરવામાં આવ્યું નથી. દેશની શિક્ષણ નીતિને ધ્યાનમાં રાખી ગુજરાત સરકાર દ્વારા શિક્ષણ સંદર્ભે કેટલી જાહેર યોજનાઓ તૈયાર કરવામાં આવી છે અને તેનો સમયાંતરે અમલ કરવામાં આવ્યો છે. આ યોજનાઓની હકારાત્મક અસર શાળા પ્રવેશ તેમજ શાળા છોડી જવાના પ્રમાણ પર પડી છે. અહીં આપણે ગુજરાત સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે જે વિવિધ યોજનાઓમાં અમલમાં મૂકી છે તેની ચર્ચા કરીશું.

(1) શાળા પ્રવેશોત્સવ : ગુજરાત સરકારે ગુજરાત રાજ્યમાં શાળાઓમાં કુલ નોંધણી પ્રમાણ વધે એટલા માટે જૂન 2010 થી શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરી છે. દર વર્ષે જૂન મહિનામાં સમગ્ર ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવે છે. જેમાં શિક્ષકો અને રાજકીય પદાધિકારીઓ ઘરે–ઘરે જઈ બાળકોને શાળામાં પ્રવેશ માટે પ્રોત્સાહિત કરે છે, જેના કારણે કુલ નોંધણી પ્રમાણમાં વધારો થયો છે.

(2) સ્ત્રી શિક્ષણ રથયાત્રા : ગુજરાત રાજ્ય 2001 માં કુલ સાક્ષરતા દરમાં સમગ્ર ભારતમાં 15 મો ક્રમ ધરાવતું હતું અને સ્ત્રી સાક્ષરતા પ્રમાણમાં ૨૧મો ક્રમ ધરાવતું હતું. આથી ગુજરાત સરકારે 2002 ની સાલમાં એવા વિસ્તારમાં સ્ત્રી કેળવણી રથયાત્રા શરૂ કરી કે જે વિસ્તારમાં સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ 20 ટકા કરતા ઓછું હતું. આ રથયાત્રામાં શિક્ષકો, વિવિધ પદાધિકારીઓ દ્વારા વિદ્યાર્થીનીઓને અને તેમના વાલીઓને શાળામાં પ્રવેશ લેવા અને જો શાળા છોડી દીધી હોય તો ફરી પ્રવેશ લેવા માટે સમજાવવામાં આવ્યા. 2005થી આ યોજનામાં ફેરફાર કરી જે વિસ્તારમાં સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ ૩૫ ટકા કરતા ઓછું હોય તેવા વિસ્તારમાં આ રથયાત્રા કાઢવામાં આવે છે. આવા વિસ્તારમાં સ્ત્રી કેળવણી માટે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી યોજનાઓ અને લાભોની જાણકારી પણ આપવામાં આવે છે.

(3) વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના : સ્ત્રી કોળવણીમાં વધારો થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના શરૂ કરવામાં આવી છે, જેમાં શાળાના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતી છોકરીને 1000/- રૂા. ના બોન્ડ આપવામાં આવે છે જે સાતમું ધોરણ પૂર્ણ કરવાથી વ્યાજ સાથે તેની રકમ પરત આપવામાં આવે છે. આ યોજનાનો મુખ્ય હેતુ સ્ત્રીઓમાં પ્રવેશ વધારવો તેમજ શાળા છોડવાનું પ્રમાણમાં ઘટાડવાનો છે. આ યોજનામાં સરકાર દ્વારા સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, ખાનગી સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરેને જોડવામાં આવી છે.

(4) વિદ્યાદીપ યોજના : ગુજરાત રાજ્યમાં 2001 માં આવેલ ભયંકર ભૂકંપમાં શાળાના ઘણા બાળકો મૃત્યુ પામ્યા હતા. આથી સરકારે આ બાળકોની યાદમાં આ યોજના શરૂ કરી હતી. જેમાં સરકાર દ્વારા ગુજરાત રાજ્યની શાળામાં ભણતા તમામ બાળકોનો વીમો ઉતરાવવામાં આવે છે, જેનું સંપૂર્ણ પ્રીમિયમ સરકાર દ્વારા ભરવામાં આવે છે.

જો શાળાના અભ્યાસ દરમિયાન બાળકનું અકસ્માતથી મોત થાય તો સરકાર દ્વારા આ યોજના માટે 25000/- રૂા. ની સહાય તેના માતા–પિતા કે વાલીને આપવામાં આવે છે.

(5) શાળામાં શૌચાલય બાંધકામ યોજના : ગુજરાત રાજ્યમાં ધોરણ 5 થી 7 દરમિયાન છોકરીઓનું શાળા છોડવાનું પ્રમાણ ખૂબ જ વધારે હતું. આ સમસ્યાનો અભ્યાસ કરતા ખ્યાલ આવ્યો કે ઘણી શાળાઓમાં છોકરીઓ માટે શૌચાલયની અલગ વ્યવસ્થા ન હોવાને કારણે છોકરીઓમાં શાળા છોડવાનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું. આથી સરકાર દ્વારા છોકરીઓના અલગ શૌચાલયની યોજના શરૂ કરવામાં આવી, ત્યારબાદ છોકરીઓમાં શાળા છોડવાના પ્રમાણમાં ઘટાડો નોંધાયો હતો.

(6) શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ : ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલો આ કાર્યક્રમ સમગ્ર ભારતમાં યુનિક હતો. સરકાર દ્વારા શાળાએ જતાં બાળકોની આરોગ્યની ચકાસણી દર વર્ષે મેડીકલ ઓફિસર દ્વારા કરાવવામાં આવે છે. આ તપાસ દરમિયાન જો બાળકને કોઈ પણ પ્રકારની તકલીફ જણાય તો નજીકના આરોગ્ય કેન્દ્રમાં તેની સારવાર થાય તેવો પ્રયત્ન કરવામાં આવે છે. જો બાળકને હૃદય, કિડની કે કેન્સર જેવી બિમારી જોવા મળે તો જ તે તકલીફના માહેર (સ્પેશ્યાલીસ્ટ) ડોક્ટર પાસે સારવાર કરાવવામાં આવે છે. જો હૃદયની ગંભીર તકલીફ જણાય તો એપેક્ષ હોસ્પિટલમાં સારવાર માટે મોકલવામાં આવે છે. જેનો ખર્ચ સરકારની મુખ્યમંત્રી યોજના રાચી નીધિમાંથી કરવામાં આવે છે. જો બાળકને આંખની તકલીફ જણાય તો ચકાસણી કરીને મફત ચશ્મા આપવામાં આવે છે. નંબર હોય તો એ ચશ્મા અપાય છે.

(7) કોમ્પ્યુટર શિક્ષણ યોજના : ગુજરાત સરકાર દ્વારા ધોરણ 5 થી 7 ના બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ મળી રહે તેવા હેતુથી શાળામાં કોમ્પ્યુટર આપવામાં આવ્યા છે. તેમજ શાળાનાં શિક્ષકોને કોમ્પ્યુટરની તાલીમ પણ આપવામાં આવે છે. આજના યુગમાં બાળકને પ્રાથમિક કક્ષાએથી જ કોમ્પ્યુટર શિક્ષણ મળી રહે તેવા હેતુથી આ યોજના શરૂ કરવામાં આવી છે.

આ યોજનાઓ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી મધ્યાહન ભોજન યોજના, સર્વ શિક્ષા અભિયાન, માધ્યમિક શિક્ષણ યોજના, રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ અભિયાન યોજના વગેરે રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે અમલીકૃત છે.

(ખ) તમારી પ્રગતિ ચકાસો :

(1) ગુજરાત રાજ્યમાં શિક્ષણની સમસ્યાઓની ચર્ચા કરો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................

(2) શિક્ષણમાં ખાનગીકરણનો ખ્યાલ સમજાવી તેના હેતુઓ સ્પષ્ટ કરો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................

(3) ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણના કારણો અને પ્રમાણની ચર્ચા કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(૪) ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે પ્રવર્તની જાહેર નીતિની ચર્ચા કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(ગ) હેતુલક્ષી પ્રશ્નો :

(1) ભારતમાં કેટલી ઉંમરની વ્યક્તિ કે જે એક ભાષા લખી–વાંચી શકે તેને સાક્ષર ગણવામાં આવે છે ?

(A) 7 વર્ષથી મોટી (B) 10 વર્ષથી મોટી

(C) 12 વર્ષથી મોટી (D) 15 વર્ષથી મોટી

(2) 2011 ના સેન્સસ પ્રમાણે ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ કેટલું હતું ?

(A) 74.04% (B) 75.5%

(C) 77.41% (D) 79.31%

(3) જાતિ સમાનતા આંક 1 આવે તો તેનો શું અર્થ થાય છે ?

(A) પ્રવેશમાં સમાન તક (B) પ્રવેશમાં અસમાન તક

(C) બંને (D) કહી ન શકાય.

(4) GPI નું આખું નામ શું છે ?

(A) Gross Parity Index (B) Gender Parity Index

(C) Gender Pyor Index (D) Gross Pyor Index

(5) ઉચ્ચ પ્રાથમિક શાળા ક્યાંથી કયા ધોરણો સુધી ગણવામાં આવે છે ?

(A) 1 થી 5 ધોરણ (B) 3 થી 7 ધોરણ

(C) 6 થી 8 ધોરણ (D) એકેય નહિં.

(6) ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે કઈ સમસ્યા જોવા મળે છે ?

(A) સાક્ષરતાનું ઊંચું પ્રમાણ (B) નિમ્ન ગુણવત્તા

(C) નોંધણીનું ઊંચું પ્રમાણ (D) નીચો ડ્રોપ આઉટ

(7) ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણ માટે કયો હેતુ ન હતો ?

(A) દૂરવર્તી વિસ્તારમાં શિક્ષણ (B) ગુણવત્તાયુક્ત શિક્ષણ

(C) આર્થિક ભારણ ઘટાડવું (D) એકેય નહિ.

(8) સ્ત્રી કેળવણી રથયાત્રા કયાં વર્ષથી થઈ કરવામાં આવી ?

(A) 2002 (B) 2003

(C) 2004 (D) 2005

## 10.6 સારાંશ :

આ એકમમાં આપણે ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ, સમસ્યા, ખાનગીકરણ અને જાહેર નીતિની ચર્ચા કરી ગુજરાતમાં શિક્ષણની પ્રવર્તમાન સ્થિતિ અને તેમાં આવતા પરિવર્તનોનો ખ્યાલ મેળવી તેની સમસ્યાઓ પર પ્રકાશ ફેંકવામાં આવ્યો. ગુજરાત રાજ્યમાં ખાનગીકરણની નીતિ અને જાહેર નીતિની ચર્ચા પણ કરવામાં આવી.

● ચાવીરૂપ શબ્દો :

- સાક્ષરતા : ૭ વર્ષ કે તેથી વધુ વયના વ્યક્તિઓમાં કોઈ એક ભાષા લખવા–વાંચવાની ક્ષમતા.
- સાક્ષરતા દર : દેશની કુલ વસ્તીમાંથી શિક્ષણ મેળવેલી વસ્તીનું પ્રમાણ.
- કુલ પ્રવેશ નોંધણીનું પ્રમાણ : ઉંમરને ધ્યાનમાં લીધા વિના શાળા–કોલેજમાં ચોક્કસ વર્ષ દરમિયાન દાખલ થતાં વિદ્યાર્થીઓનું પ્રમાણ.
- ચોખ્ખું પ્રવેશ નોંધણીનું પ્રમાણ : શાળા કે કોલેજમાં દાખલ થવાની વય ધરાવતા વિદ્યાર્થીઓમાંથી ચોક્કસ વર્ષ દરમિયાન દાખલ થતાં વિદ્યાર્થીઓનું પ્રમાણ.
- જાતિ સમાનતા આંક : છોકરીઓના કુલ પ્રવેશ નોંધણીના ગુણોત્તરને છોકરાઓના કુલ પ્રવેશ નોંધણી ગુણોત્તર દ્વારા ભાગતાં જે આંક મળે તેને જાતિ સમાનતા આંક કહે છે.
- શિક્ષણ વિકાસ આંક : શિક્ષણના જુદા–જુદા નિર્દેશકોનું ગુણોત્તર પ્રમાણ.
- કદના ગેરલાભ : કોઈ એક ક્ષેત્રના વિસ્તારને કારણે થતો ગેરલાભ.
- ખાનગીકરણ : કોઈ પણ જાહેર ક્ષેત્રના એકમને ખાનગી ક્ષેત્રમાં રૂપાંતરણ અને નિયંત્રણ.

● કેટલાક ઉપયોગી પુસ્તકો :


(1) ભટ્ટ બી. કે., 'ગુજરાતનું અર્થતંત્ર', પોપ્યુલર પ્રકાશન, સુરત (2009)

(2) J. B. J. Tilak, 'Higher Education in India' Himalaya Publication, Mumbai (2009)

(3) Gaurav Datt & Mahajan, 'India Economy', Chand and Pulication, New Delhi.


● તમારી પ્રગતિ ચકાસો (જવાબો : ક)

(1) જુઓ મુદ્દા નં. 10.1.1

(2) જુઓ મુદ્દા નં. 10.1.2

(3) જુઓ મુદ્દા નં. 10.1.3

(4) જુઓ મુદ્દા નં. 10.1.4

(5) જુઓ મુદ્દા નં. 10.1.5

● તમારી પ્રગતિ ચકાસો (જવાબો : ખ)

(1) જુઓ મુદ્દા નં. 10.2

(2) જુઓ મુદ્દા નં. 10.3 અને 10.3.1

(3) જુઓ મુદ્દા નં. 10.3.2 અને 10.3.3

(4) જુઓ મુદ્દા નં. 10.4

● તમારી પ્રગતિ ચકાસો (જવાબો : ગ)

(1 – A) (2 – D) (3 – A) (4 – B)

(5 – C) (6 – B) (7 – (D) (8 – A)

★ ★ ★